# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણના

રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) વિભાગ

અને

## સરકારી વાણિજ્ય કોલેજ, વડાલીના

રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) યુનિટના

સંયુક્ત ઉપક્રમે આયોજિત યુનિવર્સિટી કક્ષાની

# ત્રિ-દિવસીય યુવા નેતૃત્વ તાલીમ શિબિર

તા.15/12/2023 થી તા. 17/12/2023

# અહેવાલ

# શૈક્ષણિક વર્ષ : 2023-2024



તાલીમનું સ્થળ

**સરકારી વાણિજ્ય કોલેજ, વડાલી**

મુ. વડાલી, જિ : સાબરકાંઠા




પ્રા. શૈલેષ. એસ. બારીઆ
શિબિર સંયોજક
સરકારી વાણિજ્ય કોલેજ, વડાલી

ડૉ. પરેશ એસ. ખેતલ
શિબિર સહ-સંયોજક
સરકારી વાણિજ્ય કોલેજ, વડાલી

ડૉ. કેસરીસિંહ એસ. પરમાર
આચાર્યશ્રી
સરકારી વાણિજ્ય કોલેજ, વડાલી

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણના

## રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) વિભાગ

અને

# સરકારી વાણિજ્ય કોલેજ, વડાલીના

## રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) યુનિટના

**સંયુક્ત ઉપક્રમે આયોજિત યુનિવર્સિટી કક્ષાની**

# ત્રિ-દિવસીય યુવા નેતૃત્વ તાલીમ શિબિર

## તા.15/12/2023 થી તા.17/12/2023

# અહેવાલ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) વિભાગ **અને સરકારી** વાણિજ્ય કોલેજ વડાલીના રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) **યુનિટના** સંયુક્ત ઉપક્રમે આયોજિત યુનિવર્સિટી કક્ષાની **'ત્રિ-દિવસીય યુવા નેતૃત્વ તાલીમ શિબિર' તારીખ : ૧૫/૧૨/૨૦૨૩ થી તારીખ : ૧૭/૧૨/૨૦૨૩ દરમિયાન સરકારી વાણિજ્ય કોલેજ**, વડાલી **ખાતે યોજાઈ**. પ્રસ્તુત શિબિરમાં **હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી**, પાટણ સંલગ્ન કુલ પાંચ (૦૫) જીલ્લાઓની કોલેજો પૈકી કુલ **૩૧** વિવિધ કોલેજોમાંથી કુલ **૫૭** એન.એસ.એસ. **સ્વયંસેવક વિદ્યાર્થીઓ**, તથા યજમાન કોલેજ સરકારી **વાણિજ્ય કોલેજ**, વડાલીના કુલ **૧૮** એન.એસ.એસ. સ્વયંસેવક વિદ્યાર્થીઓ, સહિત કુલ **૭૫** એન.એસ.એસ. સ્વયંસેવક વિદ્યાર્થીઓએ પ્રસ્તુત **શિબિરમાં ભાગ લીધો** હતો.

**પ્રસ્તુત યુનિવર્સિટી કક્ષાની 'ત્રિ-દિવસીય યુવા નેતૃત્વ તાલીમ શિબિર'** માં કુલ બાર (૧૨) **બૌદ્ધિક સેશન્સ આયોજિત** કરવામાં **આવ્યા** હતા જેમાં કુલ નવ (૦૯) જુદા-જુદા **વક્તાઓ ઉપસ્થિત** રહ્યાં હતા.

# પ્રથમ દિવસ

# ૧૫/૧૨/૨૦૨૩, શુક્રવાર

## રજીસ્ટ્રેશન

તારીખ :૧૫/૧૨/૨૦૨૩ ને શુક્રવારના રોજ યુનિવર્સિટી કક્ષાની **'ત્રિ-દિવસીય યુવા નેતૃત્વ તાલીમ શિબિર'નો શુભારંભ રજીસ્ટ્રેશન પ્રક્રિયાથી શરુ થયો હતો.** સવારના ૮:૩૦ કલાકથી જ **કોલેજ પ્રાંગણમાં રજીસ્ટ્રેશન કામગીરીનો પ્રારંભ થઇ ગયો હતો.** વિવિધ કોલેજોમાંથી આવેલા **તમામ શિબિરાર્થીઓને રજીસ્ટ્રેશન વખતે સરકારી વાણિજ્ય કોલેજ,** વડાલી તરફથી એક ફોલ્ડર ફાઈલ, નોટપેડ તથા બોલપેન આપવામાં આવી હતી. **સરકારી વાણિજ્ય કોલેજ,** વડાલીની એન.એસ.એસ. **સ્વયંસેવક વિદ્યાર્થીનિઓ આરતી વૈષ્ણવ,** હેતલ સિકરવાર, **યશ્વી સોની તથા ક્રિષા દેવડાએ રજીસ્ટ્રેશન પ્રક્રિયા હાથ ધરી હતી.** તેઓએ **શિબિરમાં ભાગ લેનાર** એન.એસ.એસ. સ્વયંસેવક શિબિરાર્થીઓ**ના રજીસ્ટ્રેશનની સાથે-સાથે ભાઈઓ તથા બહેનો માટે હોસ્ટેલના રૂમ ફાળવણી તથા નાસ્તા અને ભોજનના પાસ આપવાની કામગીરી પણ સુચારુરૂપે પરિપૂર્ણ કરી હતી.**





## ઉદઘાટન સમારોહ

**હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના રાષ્ટ્રીય સેવા યોજના** (N.S.S.) વિભાગ **અને સરકારી વાણિજ્ય કોલેજ વડાલીના રાષ્ટ્રીય સેવા યોજના** (N.S.S.) **યુનિટના** સંયુક્ત ઉપક્રમે આયોજિત યુનિવર્સિટી કક્ષાની **'ત્રિ-દિવસીય યુવા નેતૃત્વ તાલીમ શિબિર'**ના ઉદઘાટન સમારોહ સવારે ૧૦:૩૦ **કલાકે પ્રારંભ થયો. ઉદઘાટન સમારોહમાં સમારંભના અધ્યક્ષ પદે હેમચંદ્રાચાર્ય** ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણના** રાષ્ટ્રીય સેવા **યોજના** (N.S.S.) **વિભાગના નવનિયુક્ત એન.એસ.એસ.** પ્રોગ્રામ **કો-ઓર્ડીનેટર શ્રી કમલેશ કે. ઠક્કર સાહેબ** ઉપસ્થિત રહ્યાં હતા જયારે મુખ્ય

મહેમાન પદે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) વિભાગના ભૂતપૂર્વ એન.એસ.એસ. પ્રોગ્રામ કૉ-ઓર્ડીનેટર તેમજ એસ.કે. બિઝનેસ સ્કૂલ ઓફ મેનેજમેન્ટના **આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. જય વાય ત્રિવેદી** ઉપસ્થિત રહ્યાં હતા. અતિથિવિશેષનું પદ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, જાદરના **આચાર્યશ્રી. કમલેશ જી. પટેલ સાહેબે** શોભાવ્યું હતું. ઉદઘાટન સમારોહની શરૂઆત દીપ પ્રાગટ્ય દ્વારા થઇ હતી. સરકારી વાણિજ્ય કોલેજ, વડાલીની એન.એસ.એસ. સ્વયંસેવક વિદ્યાર્થીનિઓ રિયા પંડિત, જૈનીશા રાવળ, પ્રીતિ પ્રજાપતિ, યશ્વી પંચાલ અને મુસ્કાન સોની દ્વારા સુંદર શ્લોક **'ઓમ તત્સતશ્રી નારાયણ તું'** તથા સુંદર ભજન **"ગુરુજીના નામની માળા છે હાથમાં"** પ્રસ્તુતિ થઇ હતી. એન.એસ.એસ. સ્વયંસેવક મિહિર જોશીએ સુંદર ગિટાર વાદન કરી પ્રાર્થનાને અત્યંત સુંદર બનાવી હતી. પ્રાર્થના બાદ યુનિવર્સિટી ગીત **"અમે ઉત્તર ગુર્જરવાસી"** અને એન.એસ.એસ. લક્ષ્ય ગીત **"ઊઠે સમાજ કે લિયે"** ને સૌને માન આપ્યું હતું. આ બંને સુંદર ગીતોની પ્રસ્તુતિ દ્વારા યુનિવર્સિટી કક્ષાની શિબિરની શોભામાં અભિવૃદ્ધિ કરવામાં આવી હતી. સરકારી વાણિજ્ય કોલેજ, વડાલીના **આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર** દ્વારા આમંત્રિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. તમામ મહાનુભાવોનું ભારતીય પરંપરા અનુસાર પુષ્પગુચ્છ, પુસ્તક, ભેટ અર્પણ કરીને તથા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. સરકારી વાણિજ્ય કોલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર દ્વારા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) વિભાગના નવનિયુક્ત એન.એસ.એસ. પ્રોગ્રામ કૉ-ઓર્ડીનેટર શ્રી કમલેશ કે. ઠક્કર સાહેબનું પુષ્પગુચ્છ તથા પુસ્તક અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું જ્યારે વરિષ્ઠ પ્રાધ્યાપક એન.એમ. ટંડેલ સાહેબ દ્વારા શાલ ઓઢાઢીને તથા ભેટ અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) વિભાગના ભૂતપૂર્વ એન.એસ.એસ. પ્રોગ્રામ કૉ-ઓર્ડીનેટર તેમજ એસ.કે. બિઝનેસ સ્કૂલ ઓફ મેનેજમેન્ટના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. જય વાય ત્રિવેદી સાહેબનું શિબિર સંયોજક તથા **એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. શૈલેષ એસ. બારીઆ** દ્વારા પુષ્પગુચ્છ, પુસ્તક શાલ ઓઢાઢીને તથા ભેટ અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. શિબિર સહ-સંયોજક ડૉ. પરેશ એસ. ખેતલ દ્વારા અતિથિવિશેષશ્રી. કમલેશ જી. પટેલ સાહેબનું પુષ્પગુચ્છ, પુસ્તક શાલ ઓઢાઢીને તથા ભેટ અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

કૉલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર અને યુવા નેતૃત્વ તાલીમ શિબિરના સંયોજક પ્રા. શૈલેષ એસ. બારીઆ દ્વારા ત્રિદિવસીય યુવા નેતૃત્વ તાલીમ શિબિરની વિગતવાર રૂપરેખા સૌની સમક્ષ પ્રસ્તુત કરવામાં આવી હતી.




હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) વિભાગ
અને
સરકારી વાણિજ્ય કોલેજ, વડાલીના
રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S) યુનિટ




## શિબિર સંયોજક પ્રા. શૈલેષ એસ. બારીઆ દ્વારા લિખિત પુસ્તકોનું પુસ્તક વિમોચન

મંચસ્થ મહાનુભાવોની **ઉપસ્થિતિમાં** શિબિર સંયોજક તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. શૈલેષ બારીઆ **દ્વારા લિખિત બે (૦૨)** પુસ્તકોનું વિમોચન **પણ કરવામાં આવ્યું હતું**. પ્રા. શૈલેષ બારીઆ દ્વારા લિખિત **"શ્રી રાધાક્રિશ્ના: કાવ્યાંજલિ" રાધાકૃષ્ણ ઉપર લખાયેલી હિન્દી કવિતાઓનો** સંગ્રહ તથા **'The Eternal Love Universe of Shri RadhaKrishna" રાધાકૃષ્ણ ઉપર લખાયેલી** અંગ્રેજી કવિતાઓનો સંગ્રહનું **વિમોચન કરવામાં આવ્યું હતું**.

**હેમચંદ્રાચાર્ય ઉત્તર** ગુજરાત **યુનિવર્સિટી**, પાટણના રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) વિભાગના નવનિયુક્ત એન.એસ.એસ. **પ્રોગ્રામ** કૉ-ઓર્ડીનેટર શ્રી કમલેશ કે. ઠક્કર સાહેબ, **હેમચંદ્રાચાર્ય ઉત્તર** ગુજરાત યુનિવર્સિટી, **પાટણના રાષ્ટ્રીય સેવા યોજના** (N.S.S.) **વિભાગના ભૂતપૂર્વ એન.એસ.એસ.** પ્રોગ્રામ કૉ-**ઓર્ડીનેટર તેમજ એસ.કે. બિઝનેસ સ્કૂલ ઓફ મેનેજમેન્ટના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ.** જય વાય ત્રિવેદી સાહેબ તથા **સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, જાદરના આચાર્યશ્રી**. કમલેશ જી. પટેલ સાહેબની ઉપસ્થિતિમાં **પ્રા**. શૈલેષ બારીઆ દ્વારા લિખિત બે (૦૨) **પુસ્તકોનું વિમોચન** કરવામાં આવ્યું હતું.




**માનવંતા મહાનુભાવોની ઉપસ્થિતિમાં ગતવર્ષે તેમજ આ વર્ષે કેટલાંક વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન પણ કરવામાં આવ્યું હતું.** ગત વર્ષે બી.કોમ. સેમેસ્ટર-૬ માં **પોતાનો અભ્યાસ શ્રેષ્ઠ રીતે પૂર્ણ કરેલ શ્રી પરવેઝ કાલુમિયા સૈયદ; જેમણે બે વર્ષ સુધી કેમ્પસ એમ્બેસેડર તરીકે મતદાન જાગૃતિ અંગે શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ "શ્રેષ્ઠ કેમ્પસ એમ્બેસેડરનો એવોર્ડ" પ્રાપ્ત કર્યો હતો તેમને શ્રી કમલેશ કે. ઠક્કર સાહેબના વરદ હસ્તે પ્રમાણપત્ર અને ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવ્યા** હતા.

**ચાલુ વર્ષે** ગોવિંદ **ગુરુ યુનિવર્સિટી,** ગોધરા ખાતે (National Integration Camp = NIC) કેમ્પમાં **હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ તરફથી પસંદ થયેલ કુલ દસ (૧૦)** એન.એસ.એસ. **સ્વયંસેવકોમાં અત્રેની સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના બે સ્વયંસેવકો માનસી સોલંકી તથા વિશાલ ગામેતીને સક્રિય રીતે** ભાગ લેવા બદલ શ્રી કમલેશ કે. **ઠક્કર સાહેબ તથા શ્રી** જય વાય. **ત્રિવેદી સાહેબના વરદ હસ્તે પ્રમાણપત્ર અને ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવ્યા** હતા.

**મંચસ્થ મહાનુભાવોએ સૌને પોતાના આશીર્વચનો પાઠવ્યા હતા તથા શિબિરની સફળતા** માટે શુભેચ્છાઓ પાઠવી હતી. **સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, જાદરના આચાર્યશ્રી કમલેશ** જી. **પટેલ સાહેબે તમામ વિદ્યાર્થીઓને યુવા નેતૃત્વ તાલીમ શિબિરનો મહત્તમ લાભ લેવા માટે**

પ્રોત્સાહિત કર્યા હતા. એસ.કે. **બિઝનેસ સ્કૂલ ઓફ મેનેજમેન્ટ કૉલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ**. જય. વાય. ત્રિવેદી **સાહેબે વિદ્યાર્થીઓને** એન.એસ.એસ. **થકી યુવા નેતૃત્વ શા માટે મહત્વની ભૂમિકા અદા કરે છે તે અંગેના પ્રેરણાદાયી વિચારો વ્યક્ત કરી યુવા નેતૃત્વ તાલીમ શિબિરનો હેતુ સમજાવ્યો** હતો. **હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી**, પાટણના નવનિયુક્ત એન.એસ.એસ. પ્રોગ્રામ કૉ-ઓર્ડીનેટર શ્રી કમલેશ કે. **ઠક્કર સાહેબે તમામ વિદ્યાર્થીઓને યુવા નેતૃત્વ સંબધિત વિવિધ વાર્તાઓ દ્વારા યુવા નેતૃત્વ તાલીમ શિબિરમાં વિશેષ રસ લઇ ભાગ લેવા બદલ તમામ** ૭૫ શિબિરાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

**સમગ્ર કાર્યક્રમની આભારવિધિ** શિબિર સહ-સંયોજક **પ્રા. ડૉ. પરેશ એસ. ખેતલ** દ્વારા કરવામાં આવી હતી. **જયારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન** યજમાન કૉલેજની બી.કૉમ. સેમેસ્ટર-૪માં **અભ્યાસ કરતી વિદ્યાર્થીની અને** એન.એસ.એસ. સ્વયંસેવક **દિવ્યા દિનેશભાઈ દરજી** તથા બી.કૉમ. સેમેસ્ટર-૪**માં અભ્યાસ કરતા વિદ્યાર્થી અને** એન.એસ.એસ. સ્વયંસેવક **આકાશકુમાર રાજુભાઈ પંચાલ તથા શિબિર સંચાલક અને** એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. **શૈલેષકુમાર એસ**. બારીઆ દ્વારા કરવામાં આવ્યું હતું. **ઉદઘાટન સમારંભ રાષ્ટ્રગાન દ્વારા સફળતાપૂર્વક પરિપૂર્ણ થયો હતો**.

# ભોજન સમારંભ

**ઉદઘાટન સમારંભ બાદ શિબિર ઉદઘાટનના ઉપસ્થિત મહેમાનો સાથે સૌએ સુરુચિ ભોજન** લીધું હતું. **મહાનુભાવો માટે કૉલેજ કેમ્પસના પ્રાંગણમાં વનભોજનની** વ્યવસ્થા **કરવામાં આવી** હતી. શિબિરાર્થી એન.એસ.એસ. **સ્વયંસેવક વિદ્યાર્થીઓ માટે કૉલેજ હોસ્ટેલમાં** સુરુચિ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી




# સેશન-૧


## તજજ્ઞશ્રી : ડૉ. જય વાય. ત્રિવેદી

**ભૂતપૂર્વ એન.એસ.એસ. પ્રોગ્રામ કૉ-ઓર્ડીનેટર, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ**
**તેમજ આસિસ્ટન્ટ પ્રોફેસર,એસ.કે. બિઝનેસ સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, પાટણ**

**વિષય : MyBharat Portal ની સમજ અને યુવા નેતૃત્વમાં એન.એસ.એસ.નો ફાળો**

બપોરના ભોજન બાદ બપોરે ૧:૩૦ કલાકે પ્રથમ સેશનનો વિધિવત્ પ્રારંભ થયો હતો. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) વિભાગના ભૂતપૂર્વ એન.એસ.એસ. પ્રોગ્રામ કૉ-ઓર્ડીનેટર તેમજ એસ.કે. બિઝનેસ સ્કૂલ ઓફ મેનેજમેન્ટના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. જય વાય ત્રિવેદી સાહેબે એન.એસ.એસ. સ્વયંસેવકોને **MyBharat Portal** ની સમજ આપી હતી. તેમણે લાઈવ ડેમો સાથે એન.એસ.એસ. સ્વયંસેવકોના **MyBharat Portal** પર રજીસ્ટ્રેશન કરાવ્યા. રજીસ્ટ્રેશન માટે સંપૂર્ણ માર્ગદર્શિકાનું તેમણે સ્ટેપ બાય સ્ટેપ લાઈવ ડેમોન્સ્ટ્રેશન કરીને બતાવ્યું હતું. **MyBharat Portal** પર રજીસ્ટ્રેશન અંગેના ફાયદાઓ શું છે તે પણ તેમણે ખૂબજ સુંદર રીતે સમજાવ્યા હતા. સાથે સાથે યુવા નેતૃત્વમાં એન.એસ.એસ.નો ફાળો તથા એન.એસ.એસ. સ્વયંસેવકોનો ફાળો કેવી રીતે હોઈ શકે અને કેવા પ્રકારે હોઈ શકે તે પણ તેમણે સમજાવ્યું હતું. તેમણે એન.એસ.એસ. સ્વયંસેવકોને **"Not to be a Job Seeker But Be a Job Giver"** નો મંત્ર સમજાવ્યો હતો.

સેશનના અંતે સરકારી વાણિજ્ય કોલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર દ્વારા ડૉ. જય વાય ત્રિવેદી સાહેબનું પ્રમાણપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. સેશનની આભારવિધિ પ્રા. ડૉ. પરેશ એસ. ખેતલ દ્વારા કરવામાં આવી હતી.





# સેશન-૨

## તજજ્ઞશ્રી: ડૉ. મિતેશ જી. પટેલ

**કેમ્પસ ડાયરેક્ટશ્રી, એશિયન એજ્યુકેશન કેમ્પસ, વડાલી**

## વિષય : આર્ટીફીસીયલ ઇન્ટેલિજન્સ અને આધુનિક ટેકનોલોજીમાં  યુવા નેતૃત્વ

યુવા નેતૃત્વ શિબિરના **પ્રથમ** દિવસે દ્વિતીય **સેશન** માટે એશિયન એજ્યુકેશન કેમ્પસ, વડાલીના કેમ્પસ ડાયરેક્ટશ્રી ડૉ. મિતેશ જી. પટેલ પ્રસ્તુત સેશન માટે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. તેઓએ "**આર્ટીફીસીયલ ઇન્ટેલિજન્સ અને આધુનિક ટેકનોલોજીમાં  યુવા નેતૃત્વ**" વિષય ઉપર

પોતાનું વકતવ્ય પ્રસ્તુત કર્યું હતું પ્રસ્તુત સેશન દરમિયાન ડૉ. મિતેશ જી. પટેલ સાહેબે વિદ્યાર્થીઓને આધુનિક ટેકનોલોજી, તેમાં થયેલ બદલાવો, આર્ટીફીસીયલ ઇન્ટેલિજન્સ, સાયબર ક્રાઈમ અને સાયબર સિક્યુરીટી અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. તેઓએ વિવિધ ટેકનોલોજીકલ ગેજેટ્સ અને તેના ઉપયોગોનું જીવંત નિદર્શન કરાવ્યું હતું.





સેશનના અંતે સરકારી વાણિજ્ય કોલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર દ્વારા ડૉ. મિતેશ જી. પટેલ સાહેબનું પ્રમાણપત્ર અને ભેંટ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. સેશનની આભારવિધિ કૉલેજના વિષયના શિબિર સંચાલક એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. શૈલેષ એસ. બારીઆ દ્વારા કરવામાં આવી હતી.

# સેશન-3

## તજજ્ઞશ્રી :ડૉ. જય જી. દવે

**આસિસ્ટન્ટ પ્રોફેસર**, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કડોલી

### વિષય : પૌરાણિક ગાથાઓમાં યુવા નેતૃત્વના પાઠ

પ્રથમ દિવસે તૃતીય સેશનમાં મુખ્ય વક્તા તરીકે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કડોલીના આસિસ્ટન્ટ પ્રોફેસર પ્રા. જય જી. દવે ઉપસ્થિત રહ્યાં હતા. તેઓએ વિદ્યાર્થીઓને "પૌરાણિક ગાથાઓમાં યુવા નેતૃત્વના પાઠ" એ વિષય પર વિદ્યાર્થીઓને વિશેષ જ્ઞાન આપ્યું હતું. તેઓએ રામાયણમાં ભગવાન શ્રી રામ દ્વારા વાનરસેનાનું નેતૃત્વ કરીને રાવણનો વધ કરીને માં સીતાની મુક્તિ સુધીની ગાથામાં ભગવાન શ્રી રામના વ્યક્તિત્વમાંથી નિરુપિત થતાં યુવા નેતૃત્વના ગુણો સમજાવ્યા હતા. સાથે સાથે ભગવદગીતામાંથી મહાભારતનો પ્રસંગ લઈ ભગવાન શ્રી કૃષ્ણના સમસ્ત પાંડવ સેનાના નેતૃત્વમાંથી છલકતાં ગુણો વિશે પણ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા અને વિદ્યાર્થીઓ સાથેની જૂથ ચર્ચા દ્વારા શ્રેષ્ઠ માહિતી આપી હતી.





# સેશન-૪

## તજજ્ઞશ્રી :ડૉ. જય જી. દવે

**આસિસ્ટન્ટ પ્રોફેસર, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કડોલી**

### વિષય : ડિજીટલ યુગમાં યુવા નેતૃત્વ સામેના પડકારો

પ્રથમ દિવસે ચોથા **સેશનમાં પણ મુખ્ય વક્તા તરીકે સરકારી વિનયન અને વાણિજ્ય** કોલેજ, **કડોલીના આસિસ્ટન્ટ પ્રોફેસર પ્રા.** ડૉ. જય જી. **દવે ઉપસ્થિત રહ્યાં** હતા. તેઓએ વિદ્યાર્થીઓને **"ડિજીટલ યુગમાં યુવા નેતૃત્વ સામેના પડકારો"** એ વિષય પર વિદ્યાર્થીઓને સવિશેષ **માર્ગદર્શન અને માહિતી આપી** હતી. ડિજીટલ યુગમાં સોશિયલ મીડિયા, આર્ટીફીસીયલ ઇન્ટેલિજન્સ, બદલાતી ટેકનોલોજી યુવા નેતૃત્વ સામે કેવા પડકારો ઊભા કરશે અને તેનો યુવા વર્ગ કેવી રીતે સામનો કરી શકશે એ પણ જણાવ્યું હતું. ટર્મિનેટર ફિલ્મના ઉદાહરણ દ્વારા મશીનો અને **રોબોટ કેવી રીતે સ્વયં વિશ્વનું નેતૃત્વ કરી શકે છે અને મનુષ્યએ મશીનો અને આર્ટીફીસીયલ ઇન્ટેલિજન્સનો કેવી રીતે વિવેકપૂર્ણ ઉપયોગ કરવો જોઈએ જેથી મનુષ્યના** હાથમાં જ યુવા નેતૃત્વની બાગડોર હંમેશા બની રહે તે અંગેની સમજ આપી હતી.






**સેશનના અંતે સરકારી વાણિજ્ય કોલેજ**, વડાલીના આચાર્યશ્રી ડૉ. **કેસરીસિંહ એસ.** પરમાર દ્વારા ડૉ. જય જી. **દવે સાહેબનું પ્રમાણપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.** સેશનની આભારવિધિ પ્રા. ડૉ. **ગુરુપ્રકાશ ઝેડ.** સિંઘ દ્વારા કરવામાં આવી હતી.

## ક્વિઝ સ્પર્ધા (Quiz Competition)

પ્રથમ દિવસના તમામ સેશન બાદ **'ભારતના શ્રેષ્ઠ નેતાઓ" વિષય પર એક ક્વિઝ સ્પર્ધાનું** આયોજન કરવામાં આવ્યું હતું. **ક્વિઝમાં** ભારતના શ્રેષ્ઠ ૨૫ યુવા નેતાઓ**ના જીવનમાંથી** 25 બહુ **વિકલ્પ પ્રશ્નોની એક લેખિત** ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્વિઝમાં કુલ 50 એન.એસ.એસ. **સ્વયંસેવકોએ ભાગ લીધો હતો જેમાંથી નીચે મુજબના વિદ્યાર્થીઓ વિજેતા બન્યા** હતા.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | કોલેજનું નામ | અભ્યાસ | મેળવેલ ગુણ |
|---|---|---|---|---|
| પ્રથમ | **ચૌહાણ વિજયકુમાર** ભક્તિ સિંહ | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ગાંભોઇ | **B.A Sem-6** | **30/40** |
| દ્વિતીય | યશ્વી બાલકૃષ્ણ સોની | સરકારી વાણિજ્ય કોલેજ, વડાલી | **B.Com. Sem-2** | **28/40** |
| તૃતીય | 1) ક્રિષા મદનસિંહ દેવડા<br>2) **ચૌધરી વિના નાનજી** ભાઈ | સરકારી વાણિજ્ય કોલેજ, વડાલી<br>શ્રીમતી પી. કે. કોટવાલા આર્ટ્સ કોલેજ, પાટણ | **B.Com. Sem-2**<br>**B.A Sem-6** | **26/40** |



# સંગીત રાત્રિ

## (Musical Night)

રાત્રિ ભોજન બાદ **'સંગીત રાત્રિ'** **'Musical Night'** નું આયોજન કરવામાં આવ્યું હતું. સંગીત રાત્રિમાં સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના એન.એસ.એસ. સ્વયંસેવક **નિમેશ પટેલ દ્વારા ગુજરાતી શાયરીઓ ફરમાવવામાં આવી હતી. સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ**, ગાંભોઈના વિદ્યાર્થી વનરાજસિંહ દ્વારા **વિવિધ સામાજિક મુદ્દાઓ**/વિષયો પર ત્રણ એક-**પાત્રીય અભિનય** પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. પી.કે.કોટાવાલા કોલેજ, **પાટણની વિદ્યાર્થીની વિનાબેન પટેલ દ્વારા** પણ **'મોબાઈલ એક દૂષણ'** વિષય પર **એકપાત્રીય અભિનય પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.** સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના એન.એસ.એસ. સ્વયંસેવક મિહિર **મનોજકુમાર** જોશી દ્વારા પશ્ચિમી **ગિટાર વાદન સાથે સાથે હિન્દી ફિલ્મી ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.** રાત્રિ સભા **દરમિયાન વિદ્યાર્થીઓએ વિવિધ રમૂજી ટૂચકા** તથા જોક્સ પણ કીધા હતા. સાથે-સાથે ભજન અને **ગુજરાતી ગઝલો પણ પ્રસ્તુત કરવામાં આવી હતી.** શિબિર સંયોજક તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. શૈલેષ એસ. **બારીઆ દ્વારા** ગિટાર વાદન **સાથે-સાથે હિન્દી ફિલ્મી ગીતોની પ્રસ્તુતિ**

કરવામાં આવી હતી. **રાત્રિ સભાના અંતે પ્રા.** શૈલેષ એસ. બારીઆએ 'રાધાકૃષ્ણ' થીમ પર સુમધુર બાંસુરી વાદન પ્રસ્તુત કર્યું હતું અને રાત્રિ સભાને સુચારુરૂપે પૂર્ણ કરી હતી.







# દ્વિતીય દિવસ

# ૧૬/૧૨/૨૦૨૩, શનિવાર

# સેશન-૫

## તજજ્ઞશ્રી : શ્રી યશ પઢીયાર

**સ્થાપક, હીર ઓર્ગેનિક ગ્રુપ અને ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર, નાબાર્ડ**

વિષય : **'Creating Agri-Entrepreneurial Ecosystem by Supporting Grassroots Innovation through Business Incubation' – reference to youth leadership in entrepreneurship**

**'બિઝનેસ ઇન્ક્યુબેશન દ્વારા ગ્રાસરૂટ ઇનોવેશનને સમર્થન આપીને એગ્રી-આંત્રપ્રિન્યોરિયલ ઇકોસિસ્ટમનું નિર્માણ' - યુવા નેતૃત્વના સંદર્ભમાં ઉદ્યોગસાહસિકતા"**

દ્વિતીય દિવસે પાંચમાં સેશનનો વિધિવત્ શુભારંભ સવારે ૯:૦૦ કલાકે થયો હતો. હીર ઓર્ગેનિક ગ્રુપના સ્થાપક અને નાબાર્ડના ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર શ્રી યશ પઢીયાર પ્રસ્તુત સેશન માટે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. તેઓએ **'બિઝનેસ ઇન્ક્યુબેશન દ્વારા ગ્રાસરૂટ ઇનોવેશનને સમર્થન આપીને એગ્રી**-આંત્રપ્રિન્યોરિયલ ઇકોસિસ્ટમનું નિર્માણ' - યુવા નેતૃત્વના સંદર્ભમાં ઉદ્યોગસાહસિકતા"-વિષય પર પોતાનું વક્તવ્ય અને પ્રેઝન્ટેશન આપ્યું હતું. તેમણે ખેતીક્ષેત્રે થયેલ નવા ના સંશોધનો તથા અન્ય ક્ષેત્રોમાં થયેલા ઇનોવેશન વિશે માહિતી આપી હતી.










સેશનના અંતે સરકારી વાણિજ્ય કોલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર દ્વારા **શ્રી યશ પઢીયાર સાહેબનું પ્રમાણપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.** સેશનની આભારવિધિ કૉલેજના અર્થશાસ્ત્ર વિષયના પ્રા. ડૉ. ગુરુપ્રકાશ ઝેડ. સિંઘ દ્વારા કરવામાં આવી હતી.

# સેશન-૬

## **તજજ્ઞશ્રી** : ડૉ. જે. આર. પટેલ

**આચાર્યશ્રી**, કૃષિ પોલીટેકનીક કૉલેજ, ખેડબ્રહ્મા

## વિષય : **કૃષિક્ષેત્રે અવનવા સંશોધનો અને યુવા નેતૃત્વ**

યુવા નેતૃત્વ શિબિરના દ્વિતીય દિવસે કૃષિ પોલીટેકનીક કૉલેજ, ખેડબ્રહ્માના આચાર્યશ્રી ડૉ. જે. આર. પટેલ પ્રસ્તુત સેશન માટે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. તેઓએ "**કૃષિક્ષેત્રે અવનવા સંશોધનો અને યુવા નેતૃત્વ**" વિષય ઉપર પોતાનું વકતવ્ય પ્રસ્તુત કર્યું હતું. ડૉ. જે.આર. પટેલ સાહેબે ગુજરાતમાં આવેલી વિવિધ કૃષિ યુનિવર્સિટીઓ તથા કૃષિ પોલીટેકનીક કૉલેજના કાર્યો અને સંશોધનો વિશેની સમજ આપી હતી. કૃષિક્ષેત્રે યુવા વૈજ્ઞાનિકો દ્વારા થયેલા અવનવા સંશોધનો વિશે પણ માહિતી આપી હતી. મકાઈ, ઘઉં, ચોખા વગેરેમાં સંશોધિત કરેલી નવી જાતો તથા વિવિધ હરિયાળી ક્રાંતિ, લાલ ક્રાંતિ વગેરેની ઊંડાણપૂર્વક માહિતી આપી.

# સેશન-૭

## તજજ્ઞશ્રી : ડૉ. જે. આર. પટેલ

**આચાર્યશ્રી, કૃષિ પોલીટેકનીક કૉલેજ, ખેડબ્રહ્મા**

### વિષય : Research and Innovation in Millets by Youth

યુવા નેતૃત્વ શિબિરના **દ્વિતીય** દિવસે સાતમાં **સેશન માટે પણ કૃષિ પોલીટેકનીક કૉલેજ,** ખેડબ્રહ્માના આચાર્યશ્રી ડૉ. જે.આર. **પટેલ પ્રસ્તુત સેશન માટે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં** હતા. તેઓએ **"Research and Innovation in Millets by Youth "યુવાઓ દ્વારા મિલેટસમાં થયેલા નવીનીકરણ અને સંશોધનો"** વિષય ઉપર પોતાનું વકતવ્ય પ્રસ્તુત કર્યું હતું. ડૉ. જે.આર. પટેલ સાહેબે આ સેશન દરમિયાન જુવાર, **બાજરી જેવા ધાન્યોમાં થયેલ સંશોધનો તથા કૃષિક્ષેત્રે થયેલા** દવાઓ, **રસાયણિક ખતરો અંગેના સંશોધનો વિશે** એન.એસ.એસ. સ્વયંસેવકોને માહિતી આપી હતી. **વિદ્યાર્થીઓએ કૃષિ સંબંધિત** વિવિધ પ્રશ્નો પૂછ્યા હતા અને ડૉ. જે. આર. પટેલે તેમના સંતોષકારક જવાબો પણ આપ્યાં હતા.





સેશનના અંતે સરકારી વાણિજ્ય કોલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર દ્વારા ડૉ. જે. આર. પટેલ સાહેબનું પ્રમાણપત્ર અને ભેંટ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. સેશનની આભારવિધિ કૉલેજના વિષયના શિબિર સંચાલક એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. શૈલેષ એસ. બારીઆ દ્વારા કરવામાં આવી હતી.

# સેશન-૮

## તજજ્ઞશ્રી : ડૉ. સંદીપ એચ. સાંચલા

**આસિસ્ટન્ટ પ્રોફેસર, સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, અમદાવાદ (સાંજે) તથા રાજ્ય સરકાર દ્વારા શ્રેષ્ઠ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ વિજેતા**

## વિષય : સમાજ નિર્માણમાં યુવા નેતૃત્વનું ઉત્તરદાયિત્વ

બપોરના ભોજન બાદ આઠમાં સેશનનો વિધિવત્ પ્રારંભ થયો હતો. સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, અમદાવાદ (સાંજે) ના આસિસ્ટન્ટ પ્રોફેસર તથા રાજ્ય સરકાર દ્વારા શ્રેષ્ઠ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ વિજેતા પ્રા.ડૉ. સંદીપ એચ. સાંચલા પ્રસ્તુત સેશન માટે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. તેઓએ "સમાજ નિર્માણમાં યુવા નેતૃત્વનું ઉત્તરદાયિત્વ" વિષય પર પોતાનું વક્તવ્ય અને પ્રેઝન્ટેશન આપ્યું હતું. તેમણે પોતાના પ્રેઝન્ટેશનમાં સમાજ નિર્માણમાં યુવા નેતૃત્વનું ઉત્તરદાયિત્વ સમજાવવા એક ઇન્ડોર રમત રમાડી હતી જેમાં તેઓએ ૧૦-૧૦ વિદ્યાર્થીઓના જૂથ બનાવ્યા હતા અને તેમની વચ્ચે જૂથ ચર્ચા યોજી હતી. ચર્ચાના અંતે દરેક

જૂથમાંથી બે (૦૨) **વિદ્યાર્થીઓને પ્રતિનિધત્વ કરવા માટે મંચ પર બોલાવી તેમને તેમના જૂથના** વિચારો પ્રસ્તુત કરવા મંચ પર આમંત્રિત કરવામાં આવ્યા હતા.





# સેશન-૯

## **તજજ્ઞશ્રી** : ડૉ. સંદીપ એચ. સાંચલા

આસિસ્ટન્ટ પ્રોફેસર, **સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ**, અમદાવાદ (સાંજે) તથા રાજ્ય સરકાર **દ્વારા શ્રેષ્ઠ એન**.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ વિજેતા

### વિષય : નેતૃત્વના ગુણો

**યુવા નેતૃત્વ શિબિરના દ્વિતીય દિવસે અતિમ અને** નવમાં **સેશનમાં પણ સરકારી વિનયન** અને વાણિજ્ય કૉલેજ, અમદાવાદ (સાંજે) ના આસિસ્ટન્ટ પ્રોફેસર પ્રા.ડૉ. **સંદીપ એચ**. સાંચલા **પ્રસ્તુત સેશન માટે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં** હતા. તેઓએ **"નેતૃત્વના ગુણો"** વિષય **વિષયને જીવંત અને રસપ્રદ બનાવવા માટે વિવિધ રમતો રમાડી હતી**. રમત **દ્વારા શિક્ષણ અને** રમત દ્વારા જ્ઞાન' **આ વિચારને સાર્થક કર્યો હતો**. તેમણે બલૂન ગેમ, **સંગીત ખુરશી જેવી રમતો દ્વારા યુવા નેતૃત્વ કેવી રીતે ખીલવી શકાય તેની સમજ આપી હતી**.







સેશનના અંતે સરકારી વાણિજ્ય કોલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર દ્વારા ડૉ. સંદીપ એચ. સાંચલા સાહેબનું પ્રમાણપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. સેશનની આભારવિધિ કૉલેજના વિષયના શિબિર સંચાલક એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. શૈલેષ એસ. બારીઆ દ્વારા કરવામાં આવી હતી.

## રાસ-ગરબા

રાત્રિ ભોજન બાદ **'રાસ-ગરબા'** નું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં ભાગ લીધેલ તમામ એન.એસ.એસ. સ્વયંસેવકોએ રાસ-ગરબાનો ખૂબ આનંદ ઉઠાવ્યો હતો. સૌ કોઈ રાસ-ગરબાના તાલે મન મૂકીને ઝૂમી ઊઠ્યા હતા. રાસ-ગરબાની સાથે સાથે દેશી ગુજરાતી ગીતો, હિન્દી ફિલ્મી ગીતો, હીંચ અને ટીમલી નૃત્યની પણ સૌએ મજા માણી હતી.



# તૃતીય દિવસ

## ૧૭/૧૨/૨૦૨૩, શુક્રવાર

# સેશન-૧૦

## તજજ્ઞશ્રી : ડૉ. કેસરીસિંહ એસ. પરમાર

**આચાર્યશ્રી**, સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલી

વિષય : **SWOT વિશ્લેષણ અને યુવા નેતૃત્વના ગુણો**

**યુનિવર્સિટી કક્ષાની ત્રિદિવસીય** 'યુવા નેતૃત્વ તાલીમ શિબિર" **ના તૃતીય** દિવસે દસમા **સેશનનો પ્રારંભ યજમાન કૉલેજ દ્વારા થયો હતો.** સરકારી વાણિજ્ય કૉલેજ, **વડાલીના આચાર્યશ્રી** ડૉ. કેસરીસિંહ એસ. **પરમાર પ્રસ્તુત સેશન માટે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં હતા.** તેઓએ **SWOT વિશ્લેષણ અને યુવા નેતૃત્વના ગુણો** વિષય પર પોતાનું વક્તવ્ય અને પ્રેઝન્ટેશન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને યુવા નેતૃત્વના ગુણો વિશે માહિતી આપી હતી.





સેશનના અંતે સેશનની આભારવિધિ કૉલેજના શિબિર સંચાલક એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. શૈલેષ એસ. બારીઆ  દ્વારા કરવામાં આવી હતી.

## સેશન-૧૧ અને સેશન-૧૨

## તજજ્ઞશ્રી: ડૉ. કમલેશ જી. પટેલ

આચાર્યશ્રી, **સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ**, જાદર

## વિષય : સ્વાતંત્ર્ય સેનાનીઓના જીવન ચરિત્રમાં યુવા નેતૃત્વ

**યુવા નેતૃત્વ શિબિરના તૃતીય** દિવસે દસમાં તથા અગિયારમાં **સેશન માટે સરકારી વિનયન** અને વાણિજ્ય કૉલેજ, **જાદરના આચાર્યશ્રી** ડૉ. કમલેશ જી. **પટેલ પ્રસ્તુત સેશન માટે મુખ્ય વક્તા** તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. તેઓએ "**સ્વાતંત્ર્ય સેનાનીઓના જીવન ચરિત્રમાં યુવા નેતૃત્વ** વિષય ઉપર **પોતાનું વકતવ્ય પ્રસ્તુત કર્યું હતું પ્રસ્તુત સેશન દરમિયાન** ડૉ. કમલેશ જી. **પટેલ સાહેબે મહાત્મા** ગાંધીજી, સરદાર વલ્લભભાઈ **પટેલ**, ચંદ્રશેખર આઝાદ, ભગતસિંહ, સુખદેવ, **રાજગુરુ**, સુભાષચંદ્ર બોઝ જેવા તમામ  **સ્વાતંત્ર્ય સેનાનીઓના જીવન ચરિત્રમાંથી યુવા નેતૃત્વના બોધપાઠ અને** પ્રેરણાદાયી વિચારો એન.એસ.એસ. સ્વયંસેવકો સમક્ષ પ્રસ્તુત કર્યા હતા.. આ સેશન દરમિયાન

વિદ્યાર્થીઓએ સ્વાતંત્ર્ય સેનાનીના જીવન સંબંધિત વિવિધ પ્રશ્નો પૂછ્યા હતા અને ડૉ. કમલેશ જી. પટેલ સાહેબે તેમના રસપ્રદ જવાબો પણ આપ્યાં હતા.





સેશનના અંતે સરકારી વાણિજ્ય કોલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર દ્વારા **ડૉ. કમલેશ જી. પટેલ સાહેબનું પ્રમાણપત્ર અને ભેંટ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.**

સેશનની આભારવિધિ કૉલેજના વિષયના શિબિર સંચાલક એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. શૈલેષ એસ. બારીઆ દ્વારા કરવામાં આવી હતી.

# સમાપન સમારોહ

**તારીખ :૧૭/૧૨/૨૦૨૩ ના** રોજ બપોરે ૩:૩૦ કલાકે '**ત્રિ-દિવસીય યુવા નેતૃત્વ તાલીમ શિબિર**'નો સમાપન સમારોહ શરૂ થયો હતો. સમાપન સમારોહમાં અધ્યક્ષ તરીકે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના **રજીસ્ટ્રાર સાહેબ ડૉ. કે.કે. પટેલ** સાહેબ ઉપસ્થિત રહ્યાં હતા. મુખ્ય મહેમાન તરીકે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, જાદરના **આચાર્યશ્રી. કમલેશ જી. પટેલ** સાહેબ ઉપસ્થિત રહ્યાં હતાં. યજમાન કોલેજની એન.એસ.એસ. સ્વયંસેવક વિદ્યાર્થીનીઓએ કોલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી શૈલેશકુમાર એસ. બારીઆ દ્વારા સંગીતબદ્ધ શ્લોક **'યા કુન્દેંદુ તુષારહાર ધવલા'** દ્વારા સમાપન સમારોહનો પ્રારંભ કર્યો હતો. ત્યારબાદ યુનિવર્સિટી ગીત **"અમે ઉત્તર ગુર્જરવાસી"** થી યુનિવર્સિટી કક્ષાની યુવા નેતૃત્વ તાલીમ શિબિરના સમાપન સમારોહની શોભામાં અભિવૃદ્ધિ કરવામાં આવી હતી. યુનિવર્સિટી ગીત બાદ તમામ મંચસ્થ મહાનુભાવોનું સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. તદુપરાંત તમામ મહાનુભાવોનું ભારતીય પરંપરા અનુસાર પુષ્પગુચ્છ, પુસ્તક, ભેટ અર્પણ કરીને તથા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. યુવા નેતૃત્વ તાલીમ શિબિર દરમિયાન યોજાયેલ "નિબંધ સ્પર્ધા" તથા "ક્વિઝ સ્પર્ધા"માં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તથા ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રસ્તુત શિબિરના સંચાલક તેમજ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. શૈલેષકુમાર એસ. બારીઆ દ્વારા ત્રિ-દિવસીય યુવા નેતૃત્વ તાલીમ શિબિર' અંગેનો ત્રિ-દિવસીય વિગતવાર અહેવાલ સંક્ષિપ્ત ઢબે પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ જી. ડી. મોદી કૉલેજ ઓફ આર્ટ્સ, પાલનપુર કોલેજના એન.એસ.એસ સ્વયંસેવક ગેલોટ વનરાજસિંહ નવીણસિંહ,, પ્રમુખ સ્વામી સાયન્સ એન્ડ એચ. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, કડીના એન.એસ.એસ. સ્વયંસેવક સુથાર લલિતભાઈ દિલીપભાઇ, પી.કે.કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણથી એન.એસ.એસ. સ્વયંસેવક વિનાબેન નાનજીભાઈ તથા યજમાન કૉલેજ સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીમાંથી એન.એસ.એસ. સ્વયંસેવક જૈનીશા દિલીપભાઈ રાવળ દ્વારા **'ત્રિ-દિવસીય યુવા નેતૃત્વ તાલીમ શિબિર'** અંગેના પોતાના પ્રતિભાવો આપ્યાં હતા. સમાપન સમારોહના મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, જાદરના આચાર્યશ્રી કમલેશ જી. પટેલ સાહેબે શિબિરાર્થીઓ મહાત્મા ગાંધીજીના જીવનનો એક કિસ્સો સંભળાવી યુવાઓને પ્રોત્સાહિત કર્યા હતા અને સૌ શિબીરાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. સમાપન સમારોહના અધ્યક્ષ તરીકે ઉપસ્થિત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના રજીસ્ટ્રાર સાહેબ ડૉ. કે.કે. પટેલ સાહેબે પણ પોતાની રમુજી શૈલીમાં સૌને આનંદિત કર્યા હતા. તેમણે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં થઇ રહેલા નવીનતમ બદલાવો અને વિદ્યાર્થીલક્ષી કાર્યોની માહિતી આપી

હતી. ભવિષ્યમાં આવી અનેક **શિબિર** સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીમાં પુન: **થાય એ માટે સૌને** આશીર્વાદ પાઠવ્યા હતા. **કાર્યક્રમના અંતે કોલેજના સિનીયર પ્રાધ્યાપક અને શિબિર સહ**-સંચાલક ડૉ.પરેશ એસ. **ખેતલ દ્વારા સમાપન સમારોહની આભારવિધિ કરવામાં** આવી હતી. રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પરિપૂર્ણ થયો હતો.




| | | |
|---|---|---|
| પ્રા. શૈલેષ. એસ. બારીઆ | ડૉ. પરેશ એસ. ખેતલ | ડૉ. **કેસરીસિંહ એસ.** પરમાર |
| શિબિર સંયોજક | શિબિર સહ-સંયોજક | **આચાર્યશ્રી** |
| સરકારી વાણિજ્ય કોલેજ, વડાલી | સરકારી વાણિજ્ય કોલેજ, વડાલી | **સરકારી વાણિજ્ય** કોલેજ, વડાલી |